જા. નં. 76/EC/RO/GV/2025-26

# ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ

## Executive Council (કાર્યવાહક પરિષદ) 2025-26

## તા. 24-03-2026 (ખાસ બેઠક)

**આદરણીયશ્રી,**

ગૂજરાત વિદ્યાપીઠની કાર્યવાહક પરિષદ (**Executive Council**)ની વર્ષ 2025-26ની ખાસ બેઠક તા. 24-03-2026 ને **મંગળવાર**ના રોજ સાંજે **06-00** વાગ્યે **સમિતિકક્ષ, મુખ્ય કાર્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ,** અમદાવાદ ખાતે માન. કુલપતિશ્રીના અધ્યક્ષસ્થાને ઑનલાઈન/ઑફલાઈન મળી હતી. તેમાં નીચેના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા :

| | | | |
|---|---|---|---|
| 1. | ડૉ. હર્ષદ એ. પટેલ | : | અધ્યક્ષશ્રી અને કુલપતિશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ |
| 2. | ડૉ. નીતિનભાઈ પેથાણી | : | સભ્ય, કેન્દ્ર સરકાર દ્વારા નિયુક્ત પ્રતિનિધિ (ઑનલાઈન) |
| 3. | શ્રી દિલીપભાઈ ઠાકર | : | સભ્ય અને ટ્રસ્ટીશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ મંડળ (ઑનલાઈન) |
| 4. | ડૉ. અજયભાઈ પરીખ | : | સભ્ય અને ડીનશ્રી, માહિતી, પ્રત્યાયન અને પ્રૌદ્યોગિકી વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ |
| 5. | ડૉ. સંજયભાઈ મકવાણા | : | સભ્ય તથા ડીનશ્રી, ભાષાઓ અને સાહિત્ય વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ |
| 6. | ડૉ.જગદીશચંદ્ર સાવલિયા | : | સભ્ય તથા પ્રાધ્યાપકશ્રી, શારીરિક શિક્ષણ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ (ઑનલાઈન) |
| 7. | ડૉ. જેનામાબીબી કાદરી | : | સભ્ય તથા સહ-પ્રાધ્યાપકશ્રી, ઇતિહાસ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ |
| 8. | ડૉ. હરિભાઈ પટેલ | : | સભ્ય તથા મદદનીશ પ્રાધ્યાપકશ્રી, શિક્ષણ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ |
| 9. | પ્રા. હિમાંશુભાઈ પટેલ | : | કુલસચિવશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ (ઑનલાઈન) |

પ્રા. કનુભાઈ નાયક (સભ્ય તથા ટ્રસ્ટીશ્રી) અને શ્રી વિશાલભાઈ ભાદાણી (સભ્ય તથા ટ્રસ્ટીશ્રી) બેઠકમાં ઉપસ્થિત રહી શક્યા ન હતા. તેમની ગેરહાજર રહેવાની રજા મંજૂર કરવામાં આવી.

બેઠકમાં નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

કાર્ય-1 : ગૂજરાત વિદ્યાપીઠ ખાતે કુલસચિવની પાંચ વર્ષની મુદતી જગ્યા પર પ્રતિનિયુકિતથી ફરજ બજાવતા ડૉ. હિમાંશુ ચીમનલાલ પટેલ (પ્રાધ્યાપક, ગણિતશાસ્ત્ર)ની પ્રતિનિયુકિત રાજય સરકારની એક વર્ષની મંજૂરી અનુસાર તા.24-03-2026ના રોજ પૂર્ણ થાય છે. તેમની પ્રતિનિયુકિતનો સમયગાળો લંબાવવા બાબતે ગૂજરાત વિદ્યાપીઠે તા.08-01-2026 અને તા.28-02-2026ના રોજ રાજય સરકાર સમક્ષ દરખાસ્ત કરી છે અને હાલ સરકારશ્રીનાં વિચારાધીન છે. સદર બાબતે ચર્ચાવિચારણા કરવા સારુ.

ઠરાવ-1 : ગૂજરાત વિદ્યાપીઠ ખાતે કુલસચિવની પાંચ વર્ષની મુદતી જગ્યા પર પ્રતિનિયુકિતથી ફરજ બજાવતા ડૉ. હિમાંશુ ચીમનલાલ પટેલ (પ્રાધ્યાપક, ગણિતશાસ્ત્ર)ની પ્રતિનિયુકિત રાજય સરકારની એક વર્ષની મંજૂરી અનુસાર તા.24-03-2026ના રોજ પૂર્ણ થાય છે. તેમની પ્રતિનિયુકિતનો સમયગાળો લંબાવવા બાબતે ગૂજરાત વિદ્યાપીઠે તા.08-01-2026 અને તા.28-02-2026ના રોજ રાજય સરકાર સમક્ષ દરખાસ્ત કરી છે અને હાલ સરકારશ્રીનાં વિચારાધીન છે. સદર બાબતે ચર્ચાવિચારણા કરવામાં આવી.

ચર્ચાવિચારણાને અંતે ડૉ. હિમાંશુ ચીમનલાલ પટેલ (પ્રાધ્યાપક, ગણિતશાસ્ત્ર)ને તા. 24-03-2026ના રોજ કચેરી સમય પૂર્ણ થયા બાદ કુલસચિવના પદેથી ફરજમુક્ત કરવા તથા રાજ્ય સરકાર દ્વારા પ્રતિનિયુક્તિનો સમયગાળો લંબાવવાની મંજૂરી આપવામાં આવે તો તે મુજબ ડૉ. હિમાંશુ ચીમનલાલ પટેલને ગૂજરાત વિદ્યાપીઠના કુલસચિવ તરીકે પુન: ફરજ પર હાજર થવા મંજૂરી આપવામાં આવે છે.

તા. 24-03-2026

(ડૉ. હિમાંશુ પટેલ)
કુલસચિવ